**કૃષિ વિકાસ વર્ષ ૨૦૧૪–૧૫ની ઉજવણી અંતર્ગત સેમીનાર અને કૃષિ પ્રદર્શનના આયોજન માટે તા.૧૯/૦૧/૨૦૧૫ના રોજ બપોરે ૧૫.૦૦ કલાકે યુનિવર્સિટી ભવનના કોન્ફરન્સ હોલ, નવસારી ખાતે મળેલ બેઠકની કાર્યવાહીની નોંધ.**

---

**બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.**

| અ.ન. | અધિકારીશ્રીનું નામ | હોદો |
|---|---|---|
| ૧ | ડૉ. જી.આર.પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી |
| ૨ | ડૉ. જે.ડી.થાનકી | ડીનશ્રી, અસ્પી એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારી |
| ૩ | ડૉ. બી.જી.સોલંકી | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| ૪ | ડૉ. કે.એ.પટેલ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| ૫ | ડૉ. જે.જે.પસ્તાગીયા | પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત |
| ૬ | શ્રી એન.જી.ગામીત | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત |
| ૭ | શ્રી એન. કે. ગાબાણી | પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા પ્રોજેકટ, સુરત |
| ૮ | શ્રી હિતેશ ટી. ભાવસાર | ડે. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા પ્રોજેકટ, સુરત |
| ૯ | શ્રી. પી. આર. ચૌધરી | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વ્યારા, જિ:તાપી |
| ૧૦ | શ્રી ઘનશ્યામ બી. ઢોલે | ડે. પ્રોજેકટ ડાયરેકટર, આત્મા પ્રોજેકટ, વ્યારા, જિ:તાપી |
| ૧૧ | ડો. રૂચિરા શુકલા | સહ પ્રાધ્યાપક, એ.એ.બી.એમ.આઈ., નકૃયુ, નવસારી |
| ૧૨ | ડો. અલ્પેશ લેઉવા | સહ પ્રાધ્યાપક, એ.એ.બી.એમ.આઈ., નકૃયુ, નવસારી |
| ૧૩ | ડો. એચ.યુ. વ્યાસ | સહ પ્રાધ્યાપક, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૧૪ | ડૉ. જી.બી.કાલરીયા | તાલીમ સહાયક, તાલીમ અને મુલાકાત યોજના, નકૃયુ, નવસારી |
| ૧૫ | પ્રો. બી.સી. નાયક | માહિતી અધિકારીશ્રી, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૧૬ | ડો. એ.ડી. રાજ | વિષય નિષ્ણાંત (એગ્રોનોમી), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, દેડીયાપાડા, જિ:નર્મદા |
| ૧૭ | ડો. આર. એમ. નાયક | મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૧૮ | પ્રો. વી. કે. પોશીયા | મદદનીશ પ્રાધ્યાપક, આદિજાતી મહિલા તાલીમ કેન્દ્ર, કેવિકે, નકૃયુ, દેડીયાપાડા |
| ૧૯ | શ્રી એસ.ડી.કવાડ | મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |

બેઠકની શરુઆતમાં ડૉ. જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઉપસ્થિત અધિકારીશ્રીઓને આવકારીને ગુજરાત સરકાર દ્વારા ઉજવાઈ રહેલ "કૃષિ વિકાસ વર્ષ ૨૦૧૪–૧૫" અંતર્ગત યુનિવર્સિટી દ્વારા એગ્રો કલાઈમેટીક ઝોન–૨માં હાથ ધરવામાં આવનાર સેમીનાર અને કૃષિ પ્રદર્શનના આયોજન અંગે સમજ આપી. ત્યારબાદ મુદ્દાવાર ચર્ચા કરીને નીચે મુજબ સર્વાનુમતે નિર્ણયો લેવામાં આવ્યા.

## (૧) સેમિનારનું આયોજન :

| | | |
|---|---|---|
| ૧. | સેમિનારનો વિષય | : શાકભાજીમાં માર્કેટ લીંકેજ અને કોલ્ડ સ્ટોરેજ |
| ૨. | સેમિનારના કન્વીનર | : ડીનશ્રી, અસ્પી એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારી |
| ૩. | તારીખ | : ૨૯/૦૧/૨૦૧૫ (એક દિવસ) |
| ૪. | ઉદ્દઘાટન કાર્યક્રમ | : તા. ૨૯/૦૧/૨૦૧૫ના રોજ સવારે ૯.૩૦ કલાકે |
| ૫. | સ્થળ | : ઓડીટોરિયમ હોલ, નવી સરદાર પટેલ માર્કેટ, પુણા–કુંભારીયા રોડ, કુંભાલ, સુરત |
| ૬. | ખેડૂતોની સંખ્યા | : ૩૦૦ |
| ૭. | મહાનુભાવોની ઉપસ્થિતિ | (૧) શ્રી શંકરભાઈ ચૌધરી, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી<br>(૨) શ્રી નાનુભાઈ વાનાણી, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી<br>(૩) શ્રી રમણભાઈ પટેલ, માન. ચેરમેનશ્રી, એ.પી.એમ.સી. |

► સેમિનાર માટે ખેડૂતોની પસંદગી, લાવવા–લઈ જવાની તથા જમવાની વ્યવસ્થા :

| અ.ન. | કામગીરી | | જવાબદાર અધિકારીશ્રી |
|---|---|---|---|
| ૧. | સેમિનારમાં ભાગ લેનાર ખેડૂતોની પસંદગી તથા લાવવા–લઈ જવાની વ્યવસ્થા | ૧. | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, સુરત : ૧૨૫ ખેડૂતો |
| | | ૨. | પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્મા પ્રોજેક્ટ, સુરત : ૧૦૦ ખેડૂતો |
| | | ૩. | પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કેવિકે, નકૃયુ, સુરત : ૨૫ ખેડૂતો |
| | | ૪. | નકૃયુ, સુરતના વડાઓ : ૫૦ કૃષિ વૈજ્ઞાનિકો અને સ્ટાફ |
| ૨. | ખેડૂતો/વૈજ્ઞાનિકો/આમંત્રિતો/મહાનુભાવો માટે જમવાની વ્યવસ્થા | ૧. | ર્ડા. કે.એ.પટેલ, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જુવાર), નકૃયુ, સુરત |
| | | ૨. | ડો. જે.જે.પસ્તાગીયા, પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કેવિકે, સુરત |

► સેમિનાર સબંધી અન્ય કામગીરી :

- ર્ડા. કે.એ.પટેલ, ડો. જે.જે.પસ્તાગીયા અને ડો. અલ્પેશ લેઉવા સેમિનારના સ્થળની સત્વરે રૂબરૂ મુલાકાત લઈને સ્ટેજ, માઈક, બેઠક વ્યવસ્થા, પીવાનું પાણી, જમવાનું સ્થળ વિ. વ્યવસ્થાનું નિરીક્ષણ કરીને તે મુજબ તૈયારી કરશે.
- સ્ટેજ પર પાણીની બોટલ અને બુકે/પુષ્પગુચ્છની વ્યવસ્થા ર્ડા.કે.એ.પટેલ કરશે.
- ફોટોગ્રાફરની વ્યવસ્થા તથા પ્રિન્ટ અને ઈલેક્ટ્રીનિક મીડીયાના પત્રકારો/પ્રનિનિધીઓ હાજર રહે તે માટેની કામગીરી કેવિકે, સુરત કરશે.
- સુરત જિલ્લામાં આમંત્રણ પત્રિકા વિતરણની કામગીરી શ્રી એન.જી.ગામીત અને કેવિકે, સુરત કરશે.

► સેમિનારના કન્વીનરશ્રીએ નીચે મુજબની કામગીરી સુનિશ્ચિત કરવાની રહેશે.

- ઉદઘાટન સમારોહ અંતર્ગત સ્ટેજ કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા, જેમાં બેનર, દીવી, માચીસ, મીણબત્તી, નેઈમ પ્લેટ, પાણીની બોટલ, બુકે/પુષ્પગુચ્છ, માઈક, ખેડૂતો માટે બેઠક વ્યવસ્થા, સભા સંચાલક વિ. બાબતોની વ્યવસ્થા કરવી.
- સેમિનારના વિષયને ધ્યાનમાં લઈને નકકી કરેલ વ્યાખ્યાનો સમય મર્યાદામાં ગોઠવાય તે જોવું.
- વ્યાખ્યાનો માટે એલ.સી.ડી.ની વ્યવસ્થા કરવી.
- સેમિનારમાં ભાગ લેનાર ખેડૂતોને ગુજરાતી ભાષામાં તૈયાર કરાવેલ કૃષિ સાહિત્ય આપવું.
- સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન કરવું.

## (૨) કૃષિ પ્રદર્શનનું આયોજન :

૧. કૃષિ પ્રદર્શનનો વિષય : ઝોનના મુખ્ય પાકોની ટેકનોલોજી

૨. કૃષિ પ્રદર્શનના કન્વીનર : સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત.

૩. કૃષિ પ્રદર્શનની તારીખ : તા.૩૦–૩૧/૦૧/૨૦૧૫ (બે દિવસ)

૪. કૃષિ પ્રદર્શનનો ઉદઘાટન કાર્યક્રમ : તા. ૨૯/૦૧/૨૦૧૫ના રોજ બપોર બાદ ૪.૦૦ કલાકે

૫. સ્થળ : મું. વાંકલ, તા. માંગરોળ, જિ. સુરત

૬. મહાનુભાવોની ઉપસ્થિતી : (૧) શ્રી ગણપતસિંહ વસાવા, માન.અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા
(૨) શ્રી જયંતિભાઈ કવાડીયા, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી
(૩) શ્રી જયેશકુમાર રાદડીયા, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી

► કૃષિ પ્રદર્શન માટે ખેડૂતોની પસંદગી, લાવવા–લઈ જવાની તથા જમવાની વ્યવસ્થા :

| અ.ન. | કામગીરી | | જવાબદાર અધિકારીશ્રી |
|---|---|---|---|
| ૧. | કૃષિ પ્રદર્શનના ઉદઘાટન કાર્યક્રમમાં ભાગ લેનાર ખેડૂતોની પસંદગી તથા લાવવા–લઈ જવાની વ્યવસ્થા (કુલ ખેડૂતો ૫૦૦) | ૧. | શ્રી એન.જી.ગામીત, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા ખેતીવાડી, બાગાયત અને આત્મા ખાતાઓ સાથે સંકલન કરીને કુલ ૩૦૦ ખેડૂતો |
| | | ૨. | પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા પ્રોજેકટ, તાપી : ૧૦૦ ખેડૂતો |
| | | ૩. | પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, સુરત : વાંકલ ગામના ૧૦૦ ખેડૂતો |
| ૨. | ઉદઘાટનના દિવસે ખેડૂતો માટે જમવાની વ્યવસ્થા | ૧. | શ્રી એન.જી.ગામીત, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, સુરત અને તેઓશ્રીની ટીમ |
| ૩. | કૃષિ વૈજ્ઞાનિકો/સ્ટોલ ધારકો માટે રાત્રી રોકાણ તથા જમવાની વ્યવસ્થા | ૧. | ડૉ. બી.જી.સોલંકી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ),સુરત |
| | | ૨. | ડો. જે.જે.પસ્તાગીયા, પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કેવિકે, સુરત |
| | | ૩. | ડો. આર.એમ.નાયક, વિશિનિશ્રીની કચેરી, નવસારી |

► કૃષિ પ્રદર્શનના કન્વીનરશ્રીએ નીચે મુજબની કામગીરી સુનિશ્ચિત કરવાની રહેશે.

- કૃષિ પ્રદર્શનના ૫૦ સ્ટોલ તથા ૫૦૦ ખેડૂતો બેસી શકે તેવો કૃષિ પ્રદર્શનના ઉદઘાટનનો મંડપ તા.૨૮/૦૧/૨૦૧૫ની સાંજ સુધીમાં પાર્ટી પાસેથી તૈયાર કરાવવા.
- કૃષિ પ્રદર્શનમાં ૫૦ સ્ટોલ્સ પૈકી ૨૦ સ્ટોલ નવસારી કૃષિ યુનિવર્સિટીના, ૧૦ સ્ટોલ લાઈન ડીપાર્ટમેન્ટસના, ૨ સ્ટોલ બેસ્ટ પ્રેકટાઈસીસ (ઈનોવેટીવ ફાર્મર્સ)ના અને ૧૮ સ્ટોલ ઈનપુટ ડીલર્સના રાખવાના રહેશે.
- સ્ટોલ ફાળવણી અંગેની કામગીરી કન્વીનરશ્રી અને જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, સુરત સાથે મળીને કરશે.
- કૃષિ પ્રદર્શનના કન્વીનરે કૃષિ પ્રદર્શન સ્ટોલના ઉદઘાટન માટે બુકે/પુષ્પગુચ્છ, દીવો, નાળિયેર, કંકુ, ચોખા, લાલ રીબીન, કાતર, માચીસ, મીણબત્તી વિ. જરૂરી ચીજવસ્તુઓ તૈયાર રાખવાની રહેશે.
- કૃષિ પ્રદર્શનના કન્વીનરે ઉદઘાટન સમારોહમાં સ્ટેજ પર ખુરશી ટેબલ, પાણીની બોટલ, બુકે/પુષ્પગુચ્છ, સ્ટેજ બેનર, માઈક, નેઈમ પ્લેટ, સભા સંચાલક, ખેડૂતો માટે બેઠક વ્યવસ્થા, ખેડૂતો માટે પીવાનું પાણી, વિ. જરૂરી બાબતો/ચીજવસ્તુઓની વ્યવસ્થા કરવાની રહેશે.

ચર્ચાના અંતે કોઈ મુદ્દા ચર્ચવાના બાકી રહેતા ન હોઈ હાજર રહેલ અધિકારીઓનો આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૭૦/૨૦૧૫
નવસારી તા. ૨૦/૦૧/૨૦૧૫

(જી.આર.પટેલ)
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

<u>નકલ સવિનય રવાના</u> :

૧. માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.

<u>નકલ જયભારત સહ રવાના</u> :

૧. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/યુનિટ અને સબ યુનિટના વડાઓ તરફ જાણ સારું.
૨. બેઠકમાં ઉપસ્થિત રહેલ તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.